# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-03-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોરેશિયસના રાષ્ટ્રપ્રમુખ ધરમવીર ગોખૂલને મહાકુંભ મેળામાંથી પવિત્ર ગંગાજળ ભેટમાં આપ્યું
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે સ્વસ્થ સમાજ સુનિશ્ચિત કરવામાં તબીબો અને સંશોધકોની મહત્વની ભૂમિકા
3) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું- છેલ્લા 10 વર્ષમાં 10 હજારથી વધુ બળવાખોરો આત્મસમર્પણ કરી મુખ્ય પ્રવાહમાં જોડાયા
4) બલુચિસ્તાનમાં આતંકવાદીઓએ પેશાવર-ક્વેટા જાફર એક્સપ્રેસ પર હુમલો કર્યો- 450થી વધુ મુસાફરોને બંધક બનાવાયા
5) મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગમાં, મુંબઈમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MAURITIOUS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોરેશિયસના રાષ્ટ્રપ્રમુખ ધરમવીર ગોખૂલને મહાકુંભ મેળામાંથી પવિત્ર ગંગાજળ ભેટમાં આપ્યું. મોરેશિયસના બે દિવસના પ્રવાસના પ્રથમ દિવસે શ્રી મોદી આજે પોર્ટ લુઈસ ખાતે પહોંચ્યા હતા જ્યાં તેઓ ભારતીય સમુદાયને સંબોધિત કરશે.

અગાઉ, શ્રી મોદીએ ગોખૂલ અને પ્રથમ મહિલા વૃંદા ગોખૂલને ઓવરસીઝ સિટીઝન ઑફ ઈન્ડિયા-OCI કાર્ડ સોંપ્યા. બંને નેતાઓએ ભારત અને મોરેશિયસ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવા પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. શ્રી મોદીએ ભારત સરકારના સહયોગથી સ્થાપિત સ્ટેટ હાઉસમાં આયુર્વેદ ગાર્ડનની પણ મુલાકાત લીધી.

# EVE PRESIDENT-AIIMS PUNJAB

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે સ્વસ્થ સમાજ સુનિશ્ચિત કરવામાં ડોકટરો અને સંશોધકોની મોટી ભૂમિકા છે. પંજાબના ભટિંડા ખાતે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનના-AIIMSના પ્રથમ પદવીદાન સમારોહને સંબોધતા, શ્રીમતી મુર્મુએ AIIMS ના ડોકટરોને અપીલ કરી કે તેઓ કૃષિ અને પર્યાવરણીય નિષ્ણાતો સાથે પરામર્શ કરીને સંશોધન કરે જેથી સ્વસ્થ જીવનશૈલી અને સારી ખેતી પદ્ધતિઓ અંગે જાગૃતિ આવે. તેમણે જણાવ્યું કે લોકોને માદક પદાર્થના વ્યસનથી થતા શારીરિક અને માનસિક નુકસાનથી વાકેફ કરવા જોઈએ.

(BYTE : DROUPADI MURMU, PRESIDENT)

રાષ્ટ્રપતિ મુર્મુએ આધ્યાત્મિક અને સામાજિક સંગઠનો સાથે મળીને જનજાગૃતિ અભિયાન ચલાવવાની પણ હિમાયત કરી. સમારોહમાં, રાષ્ટ્રપતિએ નવા સ્નાતક થયેલા ડોકટરોને મેડલ અને ડિગ્રીઓ અર્પણ કરી.

# RS - MINISTRY OF EDUCATION

રાજ્યસભામાં શિક્ષણ મંત્રાલયની કાર્યપદ્ધતિ પર ચર્ચા હાથ ધરાઇ હતી. ચર્ચા શરૂ કરતા કોંગ્રેસના દિગ્વિજય સિંહે શિક્ષકોના કૌશલ્ય અને તાલીમ વિશે વાત કરી. તેમણે કહ્યું કે, વિશ્વવિદ્યાલયોમાં સંશોધન વિદ્યાર્થીઓને જુનિયર રિસર્ચ ફેલોશિપ આપવામાં વિલંબ થઈ રહ્યો છે. શ્રી સિંહે એવો પણ આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર જાહેર વિશ્વવિદ્યાલયો પાસેથી GST લઈ રહી છે જે પહેલા ક્યારેય નહોતું. ભાજપના ઘનશ્યામ તિવારીએ કહ્યું કે કેન્દ્ર સરકારે દેશની શૈક્ષણિક વ્યવસ્થામાં પરિવર્તન લાવવા માટે અનેક પગલાં લીધા છે. તેમણે કહ્યું કે, સમગ્ર શિક્ષા અભિયાન માટે 41 હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. શ્રી તિવારીએ કહ્યું કે, 14 હજાર 500 થી વધુ શાળાઓનું આધુનિકીકરણ કરાઇ રહ્યું છે. તૃણમૂલ કોંગ્રેસના રિતાબ્રતા બેનર્જીએ કહ્યું કે, બજેટમાં શિક્ષણ પર કેન્દ્રીય ખર્ચ GDPના 0.37 ટકા રહ્યો છે જેને વધારવો જોઈએ. તેમણે બેરોજગારીના મુદ્દા વિશે પણ વાત કરી.

# RS-LED BULB

કેન્દ્ર સરકારે ઉજાલા યોજના હેઠળ અત્યાર સુધીમાં દેશભરમાં લગભગ 37 કરોડ LED બલ્બનું વિતરણ કર્યું છે. રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલે જણાવ્યું હતું કે, આ યોજનાથી દર વર્ષે લગભગ 48 અબજ કિલોવોટ પ્રતિ કલાકની ઊર્જા બચત થઈ છે. તેમણે કહ્યું કે, LED એક ટકાઉ, ઉર્જા કાર્યક્ષમ લાઇટિંગ સોલ્યુશન પૂરું પાડે છે જે પર્યાવરણીય લક્ષ્યોને સમર્થન આપે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# HM- NORTH EAST

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે છેલ્લા 10 વર્ષમાં 10 હજારથી વધુ બળવાખોરો તેમના શસ્ત્રો સમર્પણ કરી મુખ્ય પ્રવાહમાં જોડાયા છે. આજે નવી દિલ્હીમાં સ્ટુડન્ટ્સ એક્સપિરિયન્સ ઇન ઇન્ટર સ્ટેટ લિવિંગ દ્વારા આયોજિત યુવા સંસદમાં પૂર્વોત્તરના વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં શ્રી શાહે જણાવ્યું કે પૂર્વોત્તરમાં હિંસાની ઘટનાઓમાં લગભગ 70 ટકાનો ઘટાડો થયો છે.

શ્રી શાહે ઉલ્લેખ કર્યો કે મોદી સરકારે તમામ બળવાખોર જૂથો સાથે કરારો કર્યા છે. તેમણે કહ્યું કે, આસામમાં 27 હજાર કરોડ રૂપિયાનો સેમિકન્ડક્ટર પ્લાન્ટ બનાવાશે, જે યુવાનો માટે રોજગારની તકો પૂરી પાડશે. શ્રી શાહે ઉમેર્યું કે વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમમાં 4800 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો.

**(બાઇટ: અમિત શાહ કેન્દ્રીય ગૃહ મંત્રી)**

# WAVES SYMPHONY CHALLENGE

વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (WAVES) ના ભાગ રૂપે યોજાઈ રહેલા સિમ્ફની ઓફ ઈન્ડિયા ચેલેન્જ માટે 212 સંગીતકારોમાંથી કુલ 80 શાસ્ત્રીય અને લોક કલાકારોને પસંદ કરાયા છે. WAVES સમિટનું પ્રથમ સંસ્કરણ 1 થી 4 મે દરમિયાન યોજાશે. સિમ્ફની ઓફ ઈન્ડિયા ચેલેન્જ બ્રોડકાસ્ટિંગ અને ઈન્ફોટેઈનમેન્ટ હેઠળ આવે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય લોકોને વિવિધ શૈલીઓ અને સંગીત પ્રેમીઓના વૈવિધ્યસભર સ્વાદને ઉજવતા વિવિધ સંગીત પ્રદર્શનોથી પરિચિત કરાવવાનો છે. આ ચેલેન્જનું નિર્માણ દૂરદર્શન દ્વારા મહાવીર જૈન ફિલ્મ્સ સાથે સંકલનમાં કરવામાં આવી રહ્યું છે.

એકલ પ્રદર્શનથી શરૂ કરીને, સહભાગીઓને ચાર, પછી આઠ અને અંતે દસ સંગીતકારોના જૂથોમાં મર્જ કરવામાં આવ્યા છે. અંતિમ ટોચની ત્રણ ટીમો, જેમાં દરેકમાં દસ સંગીતકારોનો સમાવેશ થાય છે, મેગા સિમ્ફની બનાવશે, જ્યાં તેમને પ્રતિષ્ઠિત WAVES પ્લેટફોર્મ પર પ્રદર્શન કરવાની તક મળશે. શ્રેણીની ત્રણ વિજેતા ટીમો ઉત્સાહી પ્રેક્ષકોની સામે પ્રદર્શન કરશે, જેનાથી તેમને નવી શૈલીઓ, શૈલીઓ અને સંગીત પ્રભાવો રજૂ કરવાની તક મળશે.

# REV. LS - BSF

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું કે સરહદ સુરક્ષા દળના જવાનો ભારત-બાંગ્લાદેશ સરહદ પર ચોવીસ કલાક રક્ષણ કરી રહ્યા છે જેથી સરહદ પારની દાણચોરી અટકાવી શકાય. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં શ્રી રાયે જણાવ્યું હતું કે, છેલ્લા દસ વર્ષમાં BSF એ બે હજાર 806 કરોડ રૂપિયાથી વધુની પ્રતિબંધિત વસ્તુઓ જપ્ત કરી છે. તેમણે કહ્યું કે, BSF એ ભારત-બાંગ્લાદેશ સરહદ પર દાણચોરીની પ્રવૃત્તિઓને રોકવા માટે બહુપક્ષીય અભિગમ અપનાવ્યો છે. આમાં સરહદો પર ચોવીસ કલાક દેખરેખ અને પેટ્રોલિંગ, કર્મચારીઓની સંખ્યામાં વધારો, સરહદ પર વાડનું નિર્માણ અને રાજ્ય સરકારો અને ગુપ્તચર એજન્સીઓ સાથે સંકલન વધારવાનો સમાવેશ થાય છે.

# PAK-TRAIN ATTACK

પાકિસ્તાનમાં, આજે બલુચિસ્તાનના માચ વિસ્તારમાં સશસ્ત્ર આતંકવાદીઓ દ્વારા પેશાવર-ક્વેટા જાફર એક્સપ્રેસ પર હુમલો કરી 450 થી વધુ મુસાફરોને બંધક બનાવાયા છે. આ હુમલામાં છ લશ્કરી કર્મચારીઓ માર્યા ગયા હતા. મીડિયા અહેવાલોમાં બલુચિસ્તાન સરકારના પ્રવક્તા શાહિદ રિંદને ટાંકીને કહેવાયુ છે કે, બલુચિસ્તાન પ્રાંતના ક્વેટાથી ખૈબર પખ્તુનખ્વાના પેશાવર જઈ રહેલી ટ્રેન પર હુમલા દરમિયાન ભારે ગોળીબાર થયો હતો જેના કારણે તે પાટા પરથી ઉતરી ગઈ હતી.

આ ઘટના દરમિયાન આતંકવાદીઓ દ્વારા મહિલાઓ અને બાળકો સહિત અનેક મુસાફરોને બંધક બનાવવામાં આવ્યા હોવાના અહેવાલ પણ મળ્યા હતા. આ પ્રદેશમાં કાર્યરત એક આતંકવાદી અલગતાવાદી જૂથ, બલોચ લિબરેશન આર્મીએ હુમલાની જવાબદારી લીધી હતી. આ જૂથે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે કોઈપણ લશ્કરી પ્રતિક્રિયાથી પરિસ્થિતિ વધુ ખરાબ થશે.

# GOVT - TERROR OUTFITS BAN

સરકારે આજે બે આતંકવાદી સંગઠનો આવામી એક્શન કમિટી AAC અને જમ્મુ અને કાશ્મીર ઇત્તિહાદુલ મુસ્લિમીન JKIM પર પ્રતિબંધ મૂક્યો છે. ગૃહ મંત્રાલય દ્વારા ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) કાયદા હેઠળ બંને જૂથોને ગેરકાયદે સંગઠન જાહેર કરાયા છે. મંત્રાલયે જણાવ્યું કે, AAC અને JKIM ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ છે, જે દેશની અખંડિતતા, સાર્વભૌમત્વ અને સુરક્ષા માટે હાનિકારક છે. તેમાં જણાવાયું છે કે, જૂથોના સભ્યો જમ્મુ અને કાશ્મીરમાં અલગતાવાદને પ્રોત્સાહન આપવા માટે આતંકવાદી પ્રવૃત્તિઓ અને ભારત વિરોધી પ્રચારને ટેકો આપવામાં સામેલ છે.

# CRICKET -WPL

મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગમાં, આજે મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે અંતિમ લીગ મેચ મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે ચાલી રહી છે. મુંબઈ ઈન્ડિયન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. હાલમાં મળતા અહેવાલ પ્રમાણે, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 6 ઓવરમાં 1 વિકેટે 53 રન બનાવ્યા છે.

# PHILIPPINES-PRESIDENT ARREST

ફિલિપાઇન્સના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રોડ્રિગો દુતેર્તેની આજે આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતના વોરંટ પર ધરપકડ કરાઇ હતી, જેમાં તેમના પર હોદ્દા પર રહેતા ઘાતક ડ્રગ વિરોધી કાર્યવાહી બદલ માનવતા વિરુદ્ધ ગુનાઓનો આરોપ મુકાયો હતો. ફિલિપાઇન્સની સરકારે જણાવ્યું હતું કે શ્રી દુતેર્તેને તેમના પરિવાર સાથે હોંગકોંગથી પહોંચ્યા બાદ મનીલા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પકડી લેવાયા હતા, જે વૈશ્વિક અદાલત દ્વારા ધરપકડ કરાયેલા પ્રથમ ભૂતપૂર્વ એશિયન નેતા બન્યા છે. તેમના વકીલોએ તાત્કાલિક મનીલામાં સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી કે તેમને યુરોપમાં ICC ને સોંપવા માટે ફિલિપાઇન્સની બહાર લઈ જવાના કોઈપણ પ્રયાસને રોકવામાં આવે. પત્રકારો સાથે વાત કરતા, ફિલિપાઇન્સના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના નજીકના સાથી સેનેટર બોંગ ગોએ તેમની ધરપકડને તેમના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન ગણાવ્યું.